# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

ભરાતાં નથી પેટ એમના કૂવા હોય છે!
મળે છે છૂટ 'ઉપર'ની જ દૂવા હોય છે!
હોય છે ફૈ'-ફૂવા-જમાઇઓ ભાગીદારીમાં -
આપે 'ક્લીનચીટ' ઘરના જ ભૂવા હોય છે!
(IPL ફિક્સીંગ - બધા જ નિર્દોષ)

**હાઈકુ**

સોંપીને ભાર,
ઝૂલે, સાવન-ઝૂલે-
શ્રી રાજનાથ!!
(જીતે તો જશ, હારે તો હિંદુત્વ!)

મળે વેંચાતુ!
રાજયસભા નું પદ -
સો કરોડમાં..
(નેતાશ્રીની કબૂલાત)

## ચિંતન

**અન્યતો યદિ નિજોપચિ કીર્ષા માનહાનિ રિતિ ભિતિર નીતિઃ ।**
**શ્રીધરો અપિહિ બલેઃ શ્રિયમિચ્છન્માન માતનુત વામને મેવ ॥**

'બીજાની પાસેથી પોતાનો ઉપકાર કરાવવાની જો ઇચ્છા હોય તો 'માનની હાનિ થશે એ પ્રકારનો ભય રાખવો' એ અનીતિ છે' - અર્થાત બીજાની પાસેથી યાચના કરી કંઇ લાભ મેળવવાનો હોય તો માન હાનિની સંપૂર્ણ તૈયારી રાખીને જ યાચના કરવી, એ જ સાચી નીતિ છે. લક્ષ્મીજીને ધારણ કરનાર ભગવાન વિષ્ણુ પણ જયારે બલિરાજા પાસેથી કંઇક મેળવવાની યાચના કરવા ગયા ત્યારે તેમણે પણ પોતાનું માન-સ્વરૂપ 'વામન' (હલકું) બનાવી દીધું.'

કોઇની મદદથી આપણું કામ કરાવવું હોય ત્યારે એમની સલાહ-શિખામણ-ઠપકો પણ સાંભળવાની સંપૂર્ણ તૈયારી રાખવી પડે. યાચના કરવી એટલે 'માનહાનિ'ની નિમંત્રણ આપવું એ નિશ્ચિત જ છે. માગનારના હાથ સદાય નીચો જ રહે છે અને આપનારનો હાથ સદાય ઊંચો જ રહે છે.

આ વાત સમજાવવા ભગવાન વિષ્ણુ જયારે બલિરાજા પાસે યાચના કરવા ગયા ત્યારે પણ એમને વામન સ્વરૂપ ધારણ કરવું પડ્યું હતું.

'માગણી' સાથે માનહાનિ સંલગ્ન જ છે સ્વમાન સચવાશે એવો વિશ્વાસ રાખવો ભૂલ છે.

## સુવિચાર

- દીકરો એટલે સુખડ, દીકરી એટલે કસ્તુરી, પુત્રવધુ એટલે કેસર, ત્રણેવને સાચવશો તો ઘસાઇને તમને સાચવશે, સંભળાશે અને પરિવારની મહેક ફેલાવશે- **ફાધર વાલેસ**
- જે થવું જોઇએ અને જે થઇ રહ્યું છે એ બેવમાં તફાવત દેખાય એટલે એ સમસ્યા કહેવાય - **સરદાર પટેલ**
- કળાનું ધ્યેય પ્રકૃતિનું પ્રતિનિધિત્વ કરવાનું છે, તેની નકલ નહીં - **મહાદેવી વર્મા**
- તપ દ્વારા આપવાણાં રહેલી દુર્બળતાનું શક્તિમાં અને અજ્ઞાનનું જ્ઞાનમાં રૂપાંતર થાય છે - **વિનોબા ભાવે**
- કોઇ પણ મનુષ્યના હાસ્ય પરથી તેના ગુણ, અવગુણ અને પ્રકૃતિ પારખી શકાય છે - **વજુ કોટક**
- આપણે સાંભળવા જેટલા સ્થિર શાંત હોઇએ છીએ ત્યારે જ ભગવાન આપણી સાથે વાત કરે છે - **કવી નિકોલસ**
- સાચા માનવીની ઉત્તમ પરિક્ષા પ્રલોભન છે - **લોંગ ફેલો**

## બોધ કથા

આપણે 'કરકસર' અને 'કંજૂસાઇ' નો ભેદ ઘણીવાર સમજી શકતા નથી અને એને કારણ નવી પેઢીના યુવાનો વડીલો પ્રત્યે ગેરસમજ ધરાવે છે. ખોટે રસ્તે પૈસા વાપરવા બહારનું ખાઇ પેટ બગાડવું એ ઔદાર્ય નહીં ઉડાઉપણું છે.

એકવાર પુત્રવધુ બજારમાંથી દિવેલ લઇ આવતાં હતા. તપેલી નાની હતી તેથી માપોમાપ ધાર સુધી ભરાઇ ગઇ. જો કે પુત્રવધુ સાચવી સાચવીને લાવ્યાં હતાં પણ ઘરનું પગથિયું ચઢતાં જ થોડું બે-ત્રણ ટીપાં તેલ છલકાયું.

સસરાજી ઓટલે જ બેઠા હતા. તરત ઉઠ્યા અને ઢોળાયેલું તેલ પોતાના ચામડાનો જોડા પર લગાવ્યું. પુત્રવધુ એ આ જોયું અને કંજૂસાઇ માટે મોં પર મચકોડ્યું.

એક દિવસ અચાનક પુત્રવધુને પેટમાં દુખ્યું દુખાવો ખૂબ હતો રડી પડાયું-સસરાજી કહે હું ડોકટરને બોલાવી લાવું! પુત્રવધુ કહે, ડોકટરની જરૂર નથી. મને પિયરમાં આવું થતું ત્યારે મારી મા, બે સાચાં મોતી અને બે બદામ વાટી મને પીવડાવતી અને મટી જતું! "આ ઓસડીયું નથી - વાર્તા છે કોઇએ અનુકરણ ન કરવું."

સસરાજીને તિજોરમાંથી સાચાં મોતીની માળા કાઢી હાર તોડ્યો અને ઓસડિયું પીવડાવી દીધું. પુત્રવધુ ઠીક થઇ ગઇ પછી પૂછ્યું - બાપુજી પેલું દિવેલ ઢોળાયું ત્યારે તો..

સસરાં વચ્ચે જ બોલ્યા. બેટા લેખે લાખ ખરચાય પણ નાણાં નકામા તો ન જ વેડફાય!

Email - sureshchandrabhatt18@gmail.com

# ...કેટલી ફાસ્ટ અને એડવાન્સ લાઈફ જીવતાં જીવતાં એ કેટલી દૂર નીકળી ગઈ હતી, કોણ જાણે કેમ પણ આજે એક સુખદ અનુભવ થઈ રહ્યો હતો

**નવાં કલેવર**

- નટવર હેડાઉ

સુમિત્રાને એકવાર તો વિશ્વાસ જ નહોતો પડતો કે હું મારા શહેરમાં છું. તેને યાદ આવ્યું કે ભાઇના ઘરનો આ ઓરડો જયાં તે બેઠી છે એ એક દિવસ તેનો જ કહેવાતો આ ઘર નહોતું. એક મંદિર હતું. મંદિર... જયાં બાળપણમાં રમતી કુદતી ને ફરકડીની જેમ ફર્યા કરતી. મમ્મીના ખોળામાં માથું મુકીને નિરાંતે ઊંઘી જતી. તેની સાડીનો છેડો આસમાનની જેમ તેના પર છવાઇ જતો. આજે કેટલાં વર્ષ થઇ ગયાં. કોણ જાણે કોઇ પંખીની જેમ એ મસ્તી ભર્યા દિવસો કયાં ઉડી ગયા.

સુમિત્રાને આજે વડલાનું એ ઝાડ ખુબ જ યાદ આવે છે. જેના પર નાની નાની સળીઓ ગોઠવીને પંખી માળા બનાવતાં તેમાં ઇંડા મુકીને સેવતાં. પછી જયારે બચ્ચા બહાર નીકળા ઉડતાં શીખી જતાં તો એ પંખીડાં પણ ઉડી જતા. ત્યારે એ મમ્મીને પુછતી 'મમ્મી હવે એ પંખી પાછું કયારે આવશે?'

મમ્મી કહેતી 'બેટા, હવે એ અહીં નહીં આવે. હવે એ નવો માળો બનાવશે. તેને સુરક્ષિત લાગશે એવી જગ્યાએ તે પોતાનું નવું સામ્રાજય સ્થાપી દેશે. પછી ભલે ને એ કોઇ અવાવરૂ ખંડેર હોય કે કોઇ સુંદર મકાન.'

'અને બચ્ચા?' તે ભોળપણમાં પુછતી.

'ગાંડી, એ હવે નવી દિશામાં જશે.' મમ્મી સમજાવતી.

'કેમ?' તે અસંમજસમાં પુછતી.

'બેટા, એવું જ હોય. સંસારનો એ નિયમ છે.' કહેતા મમ્મી હસીને ફરી કામમાં લાગી જતી. આખો દિવસ કંઇને કંઇ કામ કરતી રહેતી. તેને નવાઇ લાગતી કે મમ્મી થાકતી જ નથી. જરૂર ન હોય છતાં સીઝન મુજબ અથાણાં બનાવી કાચની બરણીઓમાં ભરીને મુકતી. એ બરણીમાંથી અથાણું કાઢી ભાઇ સાથે મળી રોટલી કે થેપલાં સાથે મજેથી ખાતાં ખાતાં એ આંગળા ચાટીને સ્વાદની મજા લેતી. છતાં ઘણી વખત ભાઇ બહેન મમ્મીને કહેતાં પણ ખરાં કે 'શું કામ આટલી બધી માથાકૂટ કરે છે. હવે તો બજાર બધી જાતનાં અથાણાં મળે છે.'

મમ્મી આ સાંભળીને હસી દેતી અને ફરી પોતાના કોઇ એવા જ કામમાં લાગી જતી. દૂધમાંથી મલાઇ કાઢીને ફ્રીજમાં વાટકી ભરીને મુકી દેતી. મલાઇ ભેગી થાય એટલે બે ચાર દિવસે તેમાંથી ઘી બનાવતી. તે વખતે ગરમાગરમ રોટલી ને મસળી તેમાં ઘી ગોળ નાખી ચુમરીયો બનાવી સુમિત્રાને એ આપતી. મમ્મીના હાથના એ ચુમરીયાનો સ્વાદ સુમિત્રા હજુ ભુલી નથી. સુમિત્રા થોડીવાર માટે પોતાના રૂમના બારણા પાસે આવી ઊભી રહી અને મમ્મીના ખાલી રૂમ તરફ જોતી રહી. મમ્મી-પપ્પા સાથે આ જ રૂમમાં રહેતી. ત્યાં આખો દિવસ ચંદન અગરબત્તીની મીઠી સુગંધ આવતી રહેતી. હવે નથી મમ્મી કે નથી પપ્પા પણ હજુ આ ઘરમાં જ નહીં જાણે કે આખા શહેરમાં એ સુગંધ અનુભવી શકાય છે. જે પર્વત પરથી ખળખળ વહી આવતાં ઝરણાંની જેમ વહે છે અને આસપાસ વહેલી હવાની લહેરખીમાં મધુર સ્મૃતિયો સાથે મળીને લાખ ભુલવાનો પ્રયત્ન કરે તો પણ ભૂલાયેલી સ્મૃતિઓ પાછી વળી વળીને આવી ને હૃદયના દ્વારે ટકોરા મારે છે.

સુમિત્રા મનમાં ને મનમાં ગણગણવા લાગી કોઇ શાયરે સાચું જ કહ્યું છે કે

"સાખ થી ટૂટી ને પર્ણો ખરી પડે તો છે, પુછો હવાને તમે એ એ કયાં જાય છે."

તે પાછી પોતાનાં રૂમમાં આવી ગઇ. અડધી રાત થઇ ગઇ હતી. સુમિત્રાએ પોતાની જાત પર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો. બીજા ઓરડામાં ભાઇનાં નસકોરા બોલાવવાનો અવાજ આવતો હતો. તેણે લાઇટ બંધ કરી અને પલંગ પર લંબાવ્યું. એક અજબ પ્રકારનો અનુભવ થયો. તેણે એમ લાગ્યું કે રૂમના આ અંધકારમાં પણ એક ગાઢ શીતળતાઅને કોઇક પ્રકાશ સમાયેલો છે.

અમેરિકાની ઊંચી ઊંચી સ્કાય સ્ક્રેપર બિલ્ડિંગો અને રંગબેરંગી રોશનીથી ઝગમગાહટમાં કેટલાં વર્ષ વીતી ગયા. કેટલી ફાસ્ટ અને એડવાન્સ લાઇફ જીવતાં જીવતાં એ કેટલી દૂર નીકળી ગઇ હતી. કોણ જાણે કેમ પણ આજે એક સુખદ અનુભવ થઇ રહ્યો હતો. સુમિત્રા એક આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ભાગ લેવા ભારત આવી હતી. કાલે તેને આ સેમિનારમાં મહિલા સશક્તિકરણ પર પેપર વાંચવાનું છે. સ્મૃતિઓ સાથે વાતચીત કરતાં તે કયારેય સુઇ ગઇ તેનું તેને ભાન ન રહ્યું. સવારે ઉઠી ત્યારે મન હળવું લાગતું હતું. અચાનક પાછળથી કોઇકે ખભા પર હાથ મુક્યો. તેણે જોયું તો મીતા ભાભી નાસ્તાની પ્લેટ અને ચ્હા લઇને ઊભી ઊભી હંસી રહી હતી.

'અરે! ભાભી સેમીનારમાં નાસ્તો, લંચ અને ડિનર બધું જ મળવાનું છે. તમે શું કામ તકલીફ લીધી?'

'બહેન, મમ્મીએ એકવાર મને કહેલું કે તમને સોજીની ઉપમા બહુ ભાવે છે. તેથી બનાવ્યો. મમ્મી જેવી તો નહી બની હોય પણ...' મીતા ભાભીની વાત સુમિત્રાના હૃદયને સ્પર્શી ગઇ. 'હાં, ભાભી જયારથી આવી છું, મને મમ્મી બહુ જ યાદ આવે છે.' સુમિત્રાએ ભાભીનો હાથ ઝાલી હથેળીને હળવો સ્પર્શ કરતાં આર્દ્ર અવાજે કહ્યું. ભાભી નણંદ બંને થોડીવાર માટે હથેળીઓનો સ્પર્શ અનુભવતાં ઊભી રહી.

સુમિત્રાને મીતા ભાભીમાં મમ્મીની છબિ દેખાઇ અને તે ભાવુક થઇ ઝડપભેર ડ્રેસિંગ રૂમ તરફ ગઇ.

સુમિત્રા તૈયાર થઇ ઘેરથી નીકળી. તેની કાર શહેરના રસ્તાઓ પર પસાર થતી હતી. પોતાના શહેરને જોઇ તે ઉલ્લાસિત થતી હતી. બહાર ચાંદી જેવો તડકો ચમકતો હતો. તેણે લાંબો શ્વાસ લીધો. વિચાર આવ્યો. આ મોટું શહેર, મારી પોતાની દુનિયા, અહીં કેટલાં બધાં લોકોને સેમિનારમાં મળવાનું થશે, ગમે તેમ પણ આ રસ્તો સુમિત્રા માટે ખુબ જ જાણીતો હતો. ઘર પાસે પહેલો વળાંક જ વડનું ગગનચુંબી વૃક્ષ છે. તેના પર હજારો પંખીઓ કિલ્લોલ કરતાં પોતાનાં બચ્ચાં માટે માળા બનાવતાં. ત્યાં તેણે કારની બારીમાંથી બહાર નજર કરી. જયાં પાનનો ગલ્લો અને ભેળની લારી તેમજ પાણીપુરીવાળો ભૈયો ઊભો રહોતે ત્યાં હવે બિગ બજાર, આઇનોક્સ, લાઇફ સ્ટાઇલ અને મેકડોનાલ્ડનાં બિલ્ડિંગો ઊભાં છે. તેણે કારની બારીમાંથી બહાર જોવાનું બંધ કર્યું. તે પોતાની જુની સ્મૃતિઓને સાચવી રાખવા માંગતી હતી.

સુમિત્રા જયાં સેમિનાર હોલમાં પહોંચી તો નસીબજોગે બધા ડેલિગેટ ચ્હા માટે બહાર ગાર્ડનમાં ઊભેલાં હતા. સેમિનાર શરૂ થતાં તેણે ધીરજથી શ્વાસ લીધો. ધીરે ધીરે બધા ડેલીગેટ પોતપોતાના ખુરશીઓ પર બેસી રહ્યા હતા. સૌના હાથમાં તે દિવસે વાંચવાના પેપર્સ હતા. દેશવિદેશનાં બૌદ્ધિકો, પ્રોફેશરો, લેખક-લેખિકાઓ... કાચના બનેલા આખા હોલમાં પ્રકાશ ફેલાયેલો હતો. સૂર્યનાં કિરણો અંદર રાખવામાં આવેલા ફૂલ છોડ પર પ્રસરી રહ્યા હતા. ભારતનો આ હુંફાળો તડકો મન ને પ્રસન્ન કરતો હતો. મંચસ્થ મુખ્ય મહેમાનો અને વિશિષ્ટ મહેમાનોનું પુષ્પ ગુચ્છોથી સ્વાગત થઇ રહ્યું હતું. સુમિત્રાનો 'મહિલા સશક્તિકરણ' પર આ બીજો આંતરરાષ્ટ્રીય સેમિનાર હતો. પેપર વાંચ્યા પછી પ્રશ્નોત્તરી શરૂ થઇ. ત્યાં એક છોકરીની તેજસ્વી આંખો સુમિત્રા પર મંડાયેલી હતી. તેણે પ્રશ્ન પુછ્યો.

'મેડમ, શું આજની માતાઓ પહેલાની માતાઓ કરતાં વધુ સારી છે, સશક્ત છે?'

આ સીધા પ્રશ્ન એ એકવાર તો સુમિત્રાને માતા વિષે આંતર ખોજમાં ડુબાડી પણ પ્રશ્નનો દોર પકડી લેતાં તેણે પોતાની વાત કહેવાનું શરૂ કર્યું. 'જયાં સુધી પરિવેશનો પ્રશ્ન છે તો આજની નારી સશક્ત થઇ છે. પણ પહેલાંની સ્ત્રીઓ પણ ઘણો આત્મવિશ્વાસ ધરાવતી, પહેલાંની મા મારી વિચારધારા અને સૂઝની દૃષ્ટિએ વધુ આગળ હતી. તે ઘણું કરી બાળકની આસપાસ ફરતી રહેતી. આજનીમાં બાળક માટે માત્ર શરીર રૂપે છે. તેનો આત્મા જીવનની ભાગદોડ અને પડકારો સામે ઝઝુમે છે. આજની મા કાર ચલાવીને ડી-માર્ટ કે રિલાયન્સ મોલમાં જાય છે. શોપિંગ કરે છે, બાળકો માટે પીઝા લાવે છે. તેમની સાથે મોબાઇલ પર વાત કરે છે. બાળકો કયાં છે, કયારે પાછાં આવશે તેની બધી ખબર મોબાઇલ દ્વારા રાખે છે. પહેલાંની મા ઉંબરે ઉભી રહી બાળકોને આવવાની રાહ જોતી અન તે આવી જતાં ગરમા ગરમ રોટલી ખવડાવતી. આજની માં કહે છે કે પીછા રાખ્યા છે. એક બર્ગર પણ છે. માઇક્રોવેવમાં ગરમ કરીને ખાઇ લેજે. ફ્રીજમાં તને ભાવતાં કસાટા અને વાડીલાલ પણ પડ્યો છે. પહેલાંની મા દૂધમાં મલાઇ અને ખીરથી બાળકોને તૃપ્ત કરતી. બોલતાં બોલતાં સુમિત્રા ભાવુક થઇ ગઇ. તેણે હોલમાં નજર દોડાવી. બહુ ઓળખીતા પાળખીતા લોકો હતા. સૌ તેની વાત ધ્યાનથી સાંભળતા હતા. તે એવું અનુભવી જાણે તેની માં પુરેપુરી તેની અંદર પણ હોય છે. જેની પાછલ કોઇ બીજો જનમ રાહ જોઇ રહ્યો હોય. સુમિત્રા નો અવાજ હોલમાં તાળીઓનાં ગડગળાટમાં સમાઇ રહ્યો હતો. કદાચ સુમિત્રાનો આ બીજો જન્મ થઇ રહ્યો હતો.'

સાંજ ઘેરાવા લાગી હતી. તેણે બારીની બહાર જોયું. તેને લાગ્યું કે તે પણ એક પંખીની જેમ આકાશમાં ઉડી રહી છે. જાણે અંદરથી કોઇક અવાજ આવી રહ્યો હતો. જો સાંજ થવા આવી છે. તારે પાછા ફરવાનું છે. સંધ્યાના રંગોની જેમ જ જીવન સંધ્યાના રંગોમાં પણ એક અજબ પ્રકારની ઉદાસીનતા છવાઇ જતી હોય છે. મનનું પંખી ઉડતાં ઉડતાં અદૃશ્ય થઇ ગયું તો સુમિત્રાએ જોયું કે બાકી બચેલાં હારેલાં થાકેલાં પંખીડાં પણ પોતપોતાનાં માળા તરફ પાછાં ફરવા લાગ્યાં...

- vanvihari@gmail.com

# પ્લીઝ, મને જરા સમજી લેશો?? આ લોકો મને સમજતાં જ નથી..!!

## મમ્મી પ્લીઝ તું મારી બની જા, બે ચાર વાતો મારા હૈયાની સમજી જા, ભણવાનાં પ્રેશરમાં દબાયેલા અમે, માથા પર તારો પ્રેમાળ હાથ ફેરવી જા

**Hello ફ્રેન્ડસ!**

- સંજય થોરાત

બેટા, તારી બધી વાત બરાબર છે, પણ આ તારૂં કરિયરનું વર્ષ છે, ભણવાનું મુકીને 'ભાગ મિલ્ખા ભાગ' જોવા જઈને ત્રણ કલાક બગાડીશ તો તારે કેટલું ભાગમભાગ કરવું પડશે? નવાં પિકચરો દર શુક્રવારે રિલીઝ થતાં જ રહેવાનાં, એટલે આપણે શું ત્યાં જઈને બેસી જવાનું? મમ્મી અકળાઈને બોલતી હતી. સોનલ પર હવે છેડાઈ ગઈ અને બોલી, 'કાયમ શું અભ્યાસ કરવાનું કહે છે? છેલ્લાં બે મહિનામાં હું કયાંક ગઈ જ નથી. મહિના પહેલાં આવેલી 'યે જવાની હૈ દિવાની'માં મારા ફેવરીટ રણબીર અને દિપીકા હતાં તોય હું નહોતી ગઈ અને મારી બહેનપણીઓ એ વાત પર હજી મને ચીડવે છે. આ ફિલ્મ તો એથ્લેટની છે અને કંઈક ઈન્સપેરશન મળશે એટલે જોવું છું.' મારાં ગ્રુપની બધી છોકરીઓ સિન્સિઅર અને સ્કોલર છે?

ત્રણ કલાકમાં શું ભણવાનું બગડી જવાનું છે? મારી બહેનપણીઓનાં ઘરવાળાઓએ એમને સિનેમા જોવાની પરવાનગી આપી દીધી છે. તું જ છે જે દર વખતે કચકચ કરે છે. હું હવે કશું સાંભળવાની નથી, હું ફિલ્મ જોવા જવાની એટલે જવાની. પપ્પા, તમે જ કાંઈક કહો ને આને. 'પપ્પા તો આ મા-દીકરીનાં સંઘર્ષ કથાથી દૂર જ હતા. એમણે એકવાર છાપામાંથી માથું બહાર કાઢ્યું અને ફરી પાછું છાપાં પાછળ જ છુપાવી દીધું. છેલ્લે સોનલ પગ પછાડતી પિકચર જોવા જતી જ રહી. મમ્મીનો પારો તો સાતમા આસમાને હતો. એ હવે પપ્પા બાજુ વળી.' 'સાંભળો છો, આ છોકરી જીદ કરી થિયેટર ભાગી અને તમે કશું બોલતાં કેમ નથી? એના અભ્યાસની કરિઅરની મારે એકલાએ જ ચિંતા કરવાની? તમારાં બંનેની કોઈ જવાબદારી જ નહીં??'



પપ્પા એકદમ શાંતિથી બોલ્યાં, 'સોનલ, દરરોજ કેટલાંય કલાક ભણે છે. એકાદ દિવસ ભોજન જોવા જાય એનાથી એની બેટરી ચાર્જ થશે, જવા દે એને એમ ગુસ્સો ના કરીશ. તું પણ છેને એને થોડુંક સમજી લે...'

આવાં જ એક બીજાં કિસ્સામાં એક છોકરો સચીન સ્કૂલમાં શિક્ષક જોડે જીભાજોડી કરતો હતો. અમે નિયમિત સ્કૂલે આવીને અને ભણીએ એમાં કોઈ વાંધો જ નથી પણ તમારે સારૂં ભણાવવું જોઈએ ને? અમારે સ્કૂલમાંથી ટ્યૂશનમાં ભાગાદોડી કરવાનો કોઈ શોખ નથી, તમે જો વ્યવસ્થિત ભણાવો તો અમારે શું કામ સ્કૂલમાંથી બંક મારવો પડે? એ ઘરે મમ્મી-પપ્પાને કહેતો હતો આ શિક્ષકો છે ને અમને સમજી જ લેતાં નથી...'

ઓફિસમાં જાન રેડીને કામ કરતાં શંભુભાઈને આજે બોસે આડેહાથે લઈ નાંખ્યા, ભૂલ તો બોસની જ હતી. શંભુભાઈ તો દિલથી દિમાગથી મહેનતથી કંપનીને ફાયદો થાય એવું જ કાર્ય કરતાં હતાં. પણ આ બોસ છે ને સમજદારી બતાવતાં જ અને અને એ અમને સમજી લેતાં જ નથી એવો બળાપો એમની પત્નિ સમક્ષ કરતા હતા...

'જરા એમને સમજી લો.' 'જરા મને સમજી લો.' 'તમે થોડું મને સમજી લો.', 'તમે મને સમજતાં કેમ નથી?' આવાં વાક્યો આપણે કેટલી બધી વાર સાંભળીએ છીએ. પોતાના જાતનેય સમજી લેવું અને અન્યની વાતનેય સમજી લેવું એવું દરેકને લાગતું હોય છે. મા-બાપને લાગે છે કે એમનાં બાળકે એમને સમજી લેવું જોઈએ. બાળકને લાગે કે મારી મમ્મી છે ને મને સમજી જ નથી શકતી. શિક્ષકોએ એવું લાગે છે કે વિદ્યાર્થીઓ એમને સમજતાં નથી. સાહેબે એમનાં હાથ નીચે કામ કરતાં સહકર્મચારીને સમજી લેવાં જોઈએ. પતિ-પત્ની એકબીજાને સમજી શકે તો સંસાર સુખને પાટે ચાલે. આ સમજી લેવું એટલે શું? એટલે એના એન્ગલથી એમની વાત સમજી એને એ પ્રમાણે વર્તવું એટલે સમાંતર પાટે વાત ચાલે!!

ગુફામાં રહેનારા આપણા પૂર્વજોને આજનાં હિસાબે ઘણાં ઓછાં સંબંધો હતા. આજનાં જમાનામાં સગા સંબંધીની સાથે મિત્રો અને સોશ્યલ માધ્યમથી અસ્તિત્વમાં આવેલાં ફેસબુક જેવી ઉપલબ્ધીમાંથી હજારો સંબંધોને સાચવવાં પડે છે. અને સ્વાભાવિક જ સફળ થવાં માટે એકબીજાને 'સમજી લેવાં' એ એક મોટું મહત્ત્વનું કાર્ય બન્યું છે. આ બધાનું પરિણામ એટલે બીજાને સમજી લેવાની ક્ષમતા અને કૌશલ્યમાં તો વૃદ્ધિ થઈ જ છે. પણ એ સિવાય એનું મહત્ત્વ વ્યક્તિગત અને સામાજિક તેમજ કાર્યક્ષેત્રનાં જીવનમાંય 'સમજી લેવાં'નો મંત્ર સમજવો અત્યંત મહત્ત્વનો થઈ પડ્યો છે...

એકાદો મિકેનીક જેમ ગાડીનું બોનેટ ખોલીને ગાડી કેવો અવાજ કરે છે એ નિર્વિકારપણે કે નિસ્તેજ પણે જુએ છે એમ આપણે લોકોની સામ જોઈ શકીએ છીએ. માણસોને સમજી લેતી વખતે પોતાની આશા અને પોતાનાં ઈન્રેસ્ટ અથવા ગમા-અણગમાના દૃષ્ટિકોણથી આપણે જોઈએ છીએ. સાચું તો લોકોને ઓછામાં ઓછું સમજી લઈ આપણને જે જોઈએ તે વધુમાં વધુ કેવી રીતે મેળવી શકાય. એવો જ પ્રયત્ન કરતાં હોઈએ છીએ.

એકાદી વ્યક્તિ આપણને મળે ત્યારે એ વ્યક્તિ બદલ આપણાં મનમાં વિચાર આવે કે આ વ્યક્તિ મારા માટે શું કરી શકે? અમારાં માટે શું કરી શકે? આ વ્યક્તિ પોતાને શું અને કોણ સમજે છે? આ વ્યક્તિ મને જોઈતી માહિતી આપી શકશે? આ વ્યક્તિ કેટલી વિશ્વાસપાત્ર છે? આ વ્યક્તિ કેવું વર્તન કરશે? આ વ્યક્તિ મારી સાથે કો-ઓપરેટ કરશે? આ બધી વાતોનાં આધારે જ આપણે અન્ય વ્યક્તિને સમજી શકીએ છીએ, અથવા તો કોઈ આપણને સમજી શકે છે...

આપણે પોતાની જાતને રજુ કરતી વખતે પોતાના ભાવ, ભાવના, વિચારોને પ્રગટ કરતાં સામેની વ્યક્તિ આપણે ગમીએ એવો પ્રયત્ન કરીએ અને જયારે એ આ સમજવામાં ઉણો ઉતરે ત્યારે મનમાં ખટકે કે યાર આ માણસ આપણને સમજી શકતો નથી... કયારેક એક વિદ્યાર્થી અત્યંત મહેનત કરે અને પછી ટીવી સામે 'ડાન્સ ઈન્ડિયા ડાન્સ' જોવાં બેસે અને એવે વખતે મમ્મી એને જુવે એટલે સમજે કે આ આખો દિવસ આંખો ટીવી સામે જ ફોડે છે એટલે એને ગુસ્સો આવવો સ્વાભાવિક છે, સામે પક્ષે બાળક પણ એમ સમજે કે મેં આખો દિવસ મહેનત કરી અને આ થોડાક માટે મમ્મી બગાડે છે, એટલે બંને પક્ષે 'આ મને સમજતાં નથી'નો ભાવ પ્રગટે છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)


# જંગ હથિયારોકો લગતા હૈ ઈરાદોકો નહીં...

**ચિંતન સભા**

- પ્રા. ડો. રાકેશ પટેલ

લંડનની ઔદ્યોગિક ક્રાંતિ દરમિયાન જન્મેલ ચાર્લી ચેપ્લિન જગતને અમર સંદેશ આપી ગયો : 'આપણે જિંદગીને ગતિ તો આપી છે, પણ એ ગતિએ આપણને જકડી લીધા છે. યંત્રોએ સાધનોની વિપુલતા આપવા સાથે આપણી અનિયંત્રિત ઇચ્છાઓને પણ છંછેડી મુકી છે. આપણે વિચારીએ છીએ પણ અનુભવીએ છીએ ઓછું. યંત્રોનાં વિકાસ કરતાં આપણને માણસાઇના વિકાસની વધારે જરૂર છે. આ ગુણો વગર જિંદગી હિંસક અને આક્રમક બની જશે અને બધું જ ખલાસ થઇ જશે.'

જગતની એક રીત રહી છે કે એ ફરીને પાછી પોતાની મૂળ જગ્યાએ આવીને ઊભી રહે છે. માત્ર રોટલી જ ગોળ છે એવું નથી. વિચારોનું પણ એવું છે. એક સમયે ઉદ્યોગોથી આકર્ષાયેલો માનવ સમૂહ આજે ફરી સાદગી ગમાડતો થયો છે. ખાદીને 'ફેશન' માનીને પહેરતો થયો છે. સાઇકલ કયારેક આઉટ ડેટેડ થવાની નથી. બાજરી કે મકાઇ નવી પેઢીને પણ એટલા જ ગમે છે. નવી પેઢીને મમ્મી-પપ્પાને પગે લાગવાનું કહેવું નથી પડતું. તેમાના માટે સહજ બની રહે છે જો તે આગળની પેઢીમાં વણાયેલું હોય.



માનવની ભીંતરમાં અનેક ભૂતકાલિન સ્મૃતિઓ તો હોય છે, પણ સાથે સાથે દેશની ભવ્ય સંસ્કૃતિના પુરાવાઓ પણ અડીખમ હોય છે. અભ્યાસના સમયે કેટલીક બાબતો આપણી જાણમાં આવે છે. પણ તે પરીક્ષા પછી કયાંક અદૃશ્ય થઇ જાય છે.

આપણા પૂર્વજો પાસે જીવનની પ્રત્યેક બાબતો માટે વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાન બંને હતા. મુશ્કેલી એ છે કે અભ્યાસ અને રાષ્ટ્રપ્રેમનો અભાવ - આ બંને બાબતો આપણી નવી પેઢીને ઉધઇની જેમ કોરી ખાય છે. નાગાર્જુને પારાને શુદ્ધ કરવાની વિધિ, તેના ઔષધીય ઉપયોગ, તેમાંથી સોનું બનાવવાની રીત "રસરત્નાકર," યોગાષ્ટક નામનાં ગ્રંથોમાં કરેલ છે. ગુરૂત્વાકર્ષણનો નિયમ ભાસ્કરાચાર્ય દ્વિતીયએ "સિદ્ધાંત શિરોમણી"નામનાં ગ્રંથનાં "ગોલાધ્યાય" નામનાં પ્રકરણમાં આવેલ છે.

"આકૃષ્ટિશક્તિશ્ચ મહી તથા યત્ સ્વસ્થં ગુરૂ સ્વાભિમુખં સ્વશક્ત્યા"

- (ગોલાધ્યાય-૬)

પૃથ્વીમાં આકર્ષણ શક્તિ છે. પૃથ્વી પોતાની આકર્ષણ શક્તિ વડે ભારે પદાર્થને પોતાના તરફ ખેંચે છે. આર્યભટ્ટે "આર્યભટ્ટીયમ"માં ગુરૂત્વાકર્ષણ વિશે જણાવ્યું છે. (૪૭૬ A.D.) બ્રહ્મગુપ્તે પણ પોતાના ગ્રંથમાં ગુરૂત્વાકર્ષણનો ઉલ્લેખ કર્યો છે. (૫૮૯ A.D.) વાસ્તવમાં ભાસ્કરાચાર્યે ન્યુટનના ૫૫૦ વર્ષ પૂર્વે આ નિયમ બતાવ્યો છે. આદ્ય શંકરાચાર્યના 'પ્રશ્નોપનિષદ' (અધ્યા-૩, મંત્ર-૮) પરનું વિવરણ કરતાં કહે છે કે પૃથ્વી આકર્ષણ કરીને, અંકુશમાં રાખીને જગતમાં અપાનને પોતાના તરફ ખેંચીને રાખે છે. (ઇ.સ. ૮મી સદી) આ બધા પ્રમાણો હોવા છતાં કહેવાતું આધુનિક વિજ્ઞાન કંઇક જુદો જ ઇતિહાસ રચી બેઠું છે.

ગ્રહણ થવાનું સાચું કારણ આપણા ખગોળશાસ્ત્રીઓ જાણતા હતા. ગ્રહણ થવાનું કારણ ગ્રહોની સ્થિતિ છે જાણતાં હતાં. 'છાદયતિ શશીઃ સૂર્ય શશિનં મહતિ ચ ભૂચ્છાયા' આર્યભટ્ટે "આર્યભટ્ટીયમ"માં ગોલાપાદઃ, અધ્યાય-૪, શ્લોક-૩૭ (૪૯૯ A.D.) માં લખે છે. કે પૃથ્વી તથા ચંદ્રની છાયા ગ્રહણ થવા માટે કારણભૂત છે. આજે તો એગોન એગો તથા હેલીને ગ્રહણના શોધકર્તા માનવામાં આવે છે. જયારે હકીકત તો કંઇ જુદી છે.

આપણાં ગાંધીનગરમાં બહુશ્રુત વિદ્વાન ભાનુપ્રસાદ ત્રિવેદીએ લખેલ પુસ્તક "ઋષિ-વિજ્ઞાન અને બીજા લેખો"માં ભારતીય સંસ્કૃત ગ્રંથોમાં છુપાયેલ વિજ્ઞાન અને આયુર્વેદનાં સિદ્ધાંતોની ચર્ચા કરી છે. આપણા અવતારોનો ક્રમ મત્સ્ય, કૂર્મ, વરાહ, નૃસિંહ, વામન, પરશુ, રામ, કૃષ્ણ, બુદ્ધ અને કલ્કી છે. આ દશ અવતારો ઉત્ક્રાંતિના પગથિયાં ઉપર બરાબર જોડાઇ જાય છે. કેટલાંક ગ્રંથોની યાદી પણ જોવા જેવી છે. ગાર્ગ્ય ઋષિનું પક્ષી વિજ્ઞાન આધારીત "શકુનિ શાસ્ત્ર", અદૃશ્ય થવાની વિદ્યાને લગતું ઋષ્યશૃંગ મુનિનું "માલિની શાસ્ત્ર, ૬૪ કલાઓ આધારીત કલાશાસ્ત્ર" પરકાયા પ્રવેશ માટેનું વાલખિલ્ય ઋષિનું "પરકાયા પ્રવેશ", મહર્ષિ જૈમિનિ મુનિનું "ખેટ સર્વસ્વમ્" જેમાં નભો મંડળનું જ્ઞાન લખાયેલું છે. વિવરણાચાર્યનું લોકસંગ્રહમ્, જેમાં મનુષ્યની જાતો, ઉત્પત્તિ, કદ, વર્ણ, આહાર, પહેરવેશ અને કુલ ૧૭૧૪ જુદી જુદી ભાષાઓનું વર્ણન થયેલું છે. ધાતુઓની જાણકારી માટેનું મહર્ષિ બોધાયનનું 'ધાતુ સર્વસ્વમ્' જેવા અનેક ગ્રંથો ધરબાયેલા પડ્યા છે અને કેટલાક કાલબાહ્ય થયા છે. ઇતિ શુભમ્.